For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણીના જંગમાં હવે રસાકસી જામી છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે વિવિધ પક્ષોના તથા અપક્ષ ઉમેદવારોએ પોતાના સમર્થકો સાથે કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી પત્રો ભર્યા કર્યા હતા. (તસવીર : રણજીત સૂર્વે)

### મોડી રાત્રે લિસ્ટ જાહેર થતા ઉમેદવારોમાં સવારથી દોડધામ, ઢોલ-નગારાની ગુંજ વચ્ચે રાજકીય પારો ચરમસીમાએ

# વડોદરામાં 'ફોર્મ-ડે' પર ભારે ડ્રામા

## દસ્તાવેજોના દાવપેચ અને શક્તિપ્રદર્શન વચ્ચે ઉમેદવારીના શ્રીગણેશ







**જૂની** કલેક્ટર કચેરી, નર્મદા ભવન અને અન્ય ચૂંટણી લક્ષી કચેરીઓ તરફ જતા રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગતા વાહનચાલકો અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.11

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના રણશિંગા ફૂંકાઈ ગયા છે, જે અંતર્ગત આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે વડોદરા શહેરમાં ભારે રાજકીય ઉત્તેજના અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષોએ છેલ્લી ઘડીએ ઉમેદવારોના નામ જાહેર કરતા ઉમેદવારો પાસે દસ્તાવેજોની પૂર્તતા માટે ખૂબ જ ઓછો સમય બચ્યો હતો. પરિણામે, સવારથી જ શહેરની વિવિધ વહીવટી કચેરીઓ અને ચૂંટણી અધિકારીઓની ઓફિસો બહાર ઉમેદવારો અને તેમના સમર્થકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

શુક્રવારે સાંજે ભાજપે અને ત્યારબાદ મોડી રાત્રે કોંગ્રેસે પોતાના પત્તા ખોલ્યા હતા. યાદી જાહેર થતા જ જે ઉમેદવારોના નામ ફાઈનલ થયા હતા તેઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ સાથે જ ફોર્મ ભરવાની અંતિમ મુદત નજીક હોવાથી ભારે તણાવ પણ વર્તાતો હતો. પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ, મિલકતની વિગતો દર્શાવતા એફિડેવિટ અને અન્ય ટેકનિકલ દસ્તાવેજો એકત્ર કરવામાં ઉમેદવારોએ નાકે દમ આવી ગયો હતો. ઘણી જગ્યાએ દસ્તાવેજોમાં નાની ભૂલોને કારણે ફોર્મ રિજેક્ટ ન થાય તે હેતુથી ઉમેદવારો કચેરીઓના ધક્કા ખાતા નજરે પડ્યા હતા. છેલ્લી ઘડી સુધી દસ્તાવેજોની ખામીઓ સુધારવા માટે વકીલો અને નોટરીની ઓફિસો બહાર પણ લાંબી લાઈનો જોવા મળી હતી.

રાજકીય શક્તિપ્રદર્શનની વાત કરીએ તો, શહેરના રાજમાર્ગો આજે કેસરીયા અને ત્રિરંગા ઝંડાઓથી ઉભરાઈ ગયા હતા. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતપોતાના વોર્ડમાં સમર્થકો સાથે ઢોલ-નગારાના ગુંજારવ અને વિજયના નારા સાથે રેલી સ્વરૂપે ફોર્મ ભરવા પહોંચ્યા હતા. આ ભવ્ય રેલીઓને કારણે શહેરના અનેક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને જૂની કલેક્ટર કચેરી, નર્મદા ભવન અને અન્ય ચૂંટણી લક્ષી કચેરીઓ તરફ જતા રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગી હતી, જેના કારણે સામાન્ય વાહનચાલકો અટવાયા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા વધારાનો બંદોબસ્ત ગોઠવીને સ્થિતિ થાળે પાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

હવે જ્યારે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે, ત્યારે આગામી દિવસોમાં ફોર્મની ચકાસણી થશે. આજની આ ધમાધમ બાદ હવે વડોદરાના રાજકીય મેદાનમાં ખરાખરીનો જંગ જામશે અને પ્રચારનો પારો આસમાને પહોંચશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### રાજકીય રણમેદાનમાં જંગ પહેલા જ જશ્ન જેવો માહોલ

વડોદરાના રાજકીય ઇતિહાસમાં ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હંમેશા યાદગાર રહેતો હોય છે, પરંતુ આ વખતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના સીધા જંગમાં લોકશાહીના પર્વનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. ઉમેદવારોના ચહેરા પર જીતનો આત્મવિશ્વાસ અને સમર્થકોનો અનેરો ઉત્સાહ વડોદરાના રસ્તાઓ પર લડાયક મૂડ પેદા કરી રહ્યો હતો. હાર-જીતનો નિર્ણય તો જનતાના હાથમાં છે, પરંતુ ફોર્મ ભરવાની અંતિમ ઘડી સુધી ચાલેલી આ ખેંચતાણ અને શક્તિપ્રદર્શને સાબિત કરી દીધું છે કે આગામી દિવસોમાં વડોદરાની ગલીએ ગલીએ ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ પહોંચશે અને મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવશે.

### ઉમેદવારો સાથે ટેકેદારો અને સમર્થકોનો ભારે ઘસારો

આજે જ્યારે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હોય તમામ ઉમેદવારો પોતાના ટેકેદારો અને પક્ષના કાર્યકર્તા મિત્રો સાથે મોટી સંખ્યામાં વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. આકરી ગરમીમાં પણ ઉમેદવારોના ટેકેદારો અને કાર્યકર્તાઓમાં ભારે ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. સમર્થકોની વધુ સંખ્યાને કારણે કલેક્ટર કચેરી ખાતે તમામને ભારે હાલાકી ભોગવવી પડી હતી. બેસવા માટે ખુરશીઓ પણ ખૂટી ગઈ હતી. જેના કારણે સમર્થકોએ ઊભા રહેવાનો વારો આવ્યો હતો. પીવાના પાણીની પણ પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે સમર્થકોએ બહારથી પીવાના પાણીની બોટલો લેવાની ફરજ પડી હતી.

### હવે આગળની ચૂંટણીલક્ષી કામગીરી કઈ તારીખે થશે

| 13 એપ્રિલ સોમવાર | 15 એપ્રિલ બુધવાર | 26 એપ્રિલ રવિવાર | 28 એપ્રિલ મંગળવાર |
|---|---|---|---|
| ભરેલા ઉમેદવારી પત્રોની ચકાસણી | ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ | સવારે 07:00 વાગ્યાથી સાંજના 06:00 વાગ્યા સુધી મતદાન કરી શકાશે | મતની ગણતરી કરીને ઉમેદવારોનું ભાવિ નક્કી થશે |

### વોર્ડ નં. 1 માં રાગ મછારની જગ્યાએ ભૂરસિંહ રાઠવાને મેદાનમાં ઉતારાયા

# ભાજપના ઉમેદવારનું નામ મતદાર યાદીમાં જ નથી, છેલ્લી ઘડીએ નામ બદલવાની પડી ફરજ!

**ઉમેદવારી** ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ છાવણીમાં દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે વડોદરા ભારતીય જનતા પાર્ટીમાં ભારે દોડધામ અને નાટકીય વળાંક જોવા મળ્યો હતો. વોર્ડ નંબર 1 માં ભાજપે જાહેર કરેલા ઉમેદવારનું નામ મતદાર યાદીમાં ન હોવાની ગંભીર ક્ષતિ સામે આવતા, પક્ષે છેલ્લી ઘડીએ ઉમેદવાર બદલવાની ફરજ પડી છે. ભાજપે હવે રાગ મછારના સ્થાને ભૂરસિંહ રાઠવાને મેદાનમાં ઉતાર્યા છે.



ભાજપ દ્વારા ગતરોજ વડોદરાની તમામ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં વોર્ડ નંબર 1 માંથી એસસી બેઠક પર રાગ મછારની પસંદગી કરવામાં આવી હતી. જોકે, આજે જ્યારે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી અને દસ્તાવેજોની ચકાસણી થઈ, ત્યારે જાણવા મળ્યું કે રાગ મછારનું નામ મતદાર યાદીમાં જ નોંધાયેલું નથી. ચૂંટણી નિયમો મુજબ, જે વ્યક્તિનું નામ મતદાર યાદીમાં ન હોય તે ચૂંટણી લડી શકે નહીં.

ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે બપોરે 3 વાગ્યા સુધીનો જ સમય હોવાથી ભાજપ છાવણીમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ટિકિટ આપતા પહેલા પક્ષના સ્ક્રિનિંગ કમિટી કે સ્થાનિક નેતાઓએ ઉમેદવારની મૂળભૂત લાયકાત જેવી કે મતદાર યાદીમાં નામ છે કે નહીં, તેની તપાસ ન કરી હોવાથી રાજકીય મોરચે ભાજપે 'કાચું કાપ્યું' હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

સમયની મર્યાદાને જોતા ભાજપે તાબડતોબ નિર્ણય લઈને પૂર્વ વિસ્તારના રહેવાસી ભૂરસિંહ રાઠવાને વોર્ડ નંબર 1 ના નવા ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. ભૂરસિંહ રાઠવાએ છેલ્લી ઘડીએ ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. વોર્ડ નંબર 1 ની પેનલમાં હવે કુંદન ટેલર, શ્વેતા શાહ, પ્રવીણ પટેલ અને ભૂરસિંહ રાઠવા ચૂંટણી લડશે.

આશ્ચર્યની વાત એ છે કે જ્યારે આ ફેરફાર કરવામાં આવ્યો ત્યારે ભાજપના ઘણા સ્થાનિક સીનિયર નેતાઓ અને કાર્યકરો આ બાબતથી અજાણ હતા. પૂર્વ કાઉન્સિલર સતીશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમને આ અંગે કોઈ જાણકારી નથી અને પક્ષ જે નિર્ણય લેશે તે શિરોમાન્ય રહેશે. જોકે, તેમણે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ફેરફારથી ચૂંટણી પરિણામો પર કોઈ નકારાત્મક અસર નહીં પડે અને ભાજપ તમામ બેઠકો જીતશે.

આ ઘટનાએ વડોદરાના રાજકીય આલમમાં ભારે ચર્ચા જગાવી છે કે આટલી મોટી શિસ્તબદ્ધ પાર્ટી ઉમેદવારના નામની ચકાસણીમાં આવી ગંભીર ભૂલ કેવી રીતે કરી શકે?

### સુરક્ષિત ગઢ વોર્ડ-1માં હરીશ પટેલનો બળવો, અપક્ષ ઉમેદવારી નોંધાવી

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓ પૂર્વે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને વડોદરા કોંગ્રેસમાં ભંગાણના એંધાણ વર્તાઈ રહ્યા છે. શહેરના જે વોર્ડને કોંગ્રેસ પોતાનો સૌથી સુરક્ષિત ગઢ માનતી હતી, તે વોર્ડ નંબર-1માં જ પક્ષના કદાવર નેતા હરીશ પટેલે બળવો પોકારતા રાજકીય સમીકરણો રાતોરાત બદલાઈ ગયા છે. ટિકિટ વિતરણના વિવાદને પગલે હરીશ પટેલે પક્ષમાંથી રાજીનામું ધરી દીધું છે અને હવે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરશે, જે કોંગ્રેસ માટે મોટા માઠા સમાચાર સાબિત થઈ શકે છે.

હરીશપટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં ક્યાંય પણ પેનલમાં ત્રણ મહિલાઓ હોતી નથી, પરંતુ વોર્ડ-1માં કોંગ્રેસે જાણીજોઈને ત્રણ મહિલાઓને ટિકિટ આપી છે. વોર્ડ નંબર-1ની જનરલ પુરુષ બેઠક પર કોંગ્રેસે અમી રાવતને ટિકિટ આપતા હરીશ પટેલનું પત્તું કપાયું છે. આ નિર્ણયથી નારાજ હરીશ પટેલે પક્ષના નેતૃત્વ સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સીધો જ રાહુલ ગાંધી પર નિશાન સાધતા આક્ષેપ કર્યો કે, "રાહુલ ગાંધીને માત્ર ચાપલૂસો જ ગમે છે અને જીતી શકે તેવા બળવાન ઉમેદવારોને પૈસાના જોરે કાપી નાખવામાં આવે છે."


# હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કીર્તિ મંદિર ખાતે 'જનસેવા સંકલ્પ' કાર્યક્રમથી પ્રચારનો પ્રારંભ

**સ્થાનિક** સ્વરાજ્ય ચૂંટણી પૂર્વે ઉમેદવારો સંકલ્પ લેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.11

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના અનુસંધાનમાં રવિવારે ૧૨ એપ્રિલે સવારે ૯:૩૦ વાગ્યે વડોદરા મહાનગર ખાતે 'જનસેવા સંકલ્પ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાલાઘોડા સર્કલ નજીક કીર્તિ મંદિર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં હર્ષ સંઘવી તથા રત્નાકરજી ઉપસ્થિત રહેશે અને કાર્યકરોને માર્ગદર્શન આપશે.

રાજ્યમાં ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયત માટેની ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. ઉમેદવારી પત્રક ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જે ચૂંટણી પૂર્વે જનસંપર્ક મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. આયોજન મુજબ વડોદરા સહિત તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં એક જ સમયે ઉમેદવારો દ્વારા જનસેવાનો સંકલ્પ લેવામાં આવશે. રાજ્યના અન્ય શહેરોમાં પણ વિવિધ સ્થળોએ સમાન કાર્યક્રમો યોજાનાર છે, જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક નાગરિકોની હાજરી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમો દ્વારા જનસેવા, પારદર્શિતા અને વિકાસના મુદ્દાઓને પ્રાથમિકતા આપવાનો સંદેશ આપવામાં આવશે.



વડોદરા મહાનગર પાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત મળીને કુલ 1441 ઉમેદવારો નોંધાયા છે. જેની સામે કુલ 1520 ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા છે.

| | | | | |
|---|---|---|---|---|
| 417 વડોદરા મહાનગર પાલિકામાં ઉમેદવારો 472 ફોર્મ ભરાયા | 283 વડોદરા નગર પાલિકાના ઉમેદવારો 303 ફોર્મ ભરાયા | 134 વડોદરાની તમામ જિલ્લા પંચાયતોના ઉમેદવારો 134 ફોર્મ ભરાયા | 607 વડોદરાની તમામ તાલુકા પંચાયતના ઉમેદવારો 611 ફોર્મ ભરાયા | કુલ 1441 ઉમેદવારો નોંધાયા છે. જેની સામે કુલ 1520 ફોર્મ ભરાયા |

### કોંગ્રેસના જાહેર થયેલા ઉમેદવારો

| | |
|---|---|
| **વોર્ડ નં. 1** | |
| સોનાબેન જહાંભાઇ દેસાઇ | પછાતવર્ગ સ્ત્રી |
| પુષ્પાબેન વાઘેલા | સામાન્ય સ્ત્રી |
| નિકુલ ખુશાલભાઇ પટેલ | અનુસુચિત આદિજાતિ |
| અમીબેન રાવત | સામાન્ય |
| **વોર્ડ નં. 2** | |
| ભુમિબેન કાંતિભાઇ પ્રજાપતિ | પછાતવર્ગ સ્ત્રી |
| અડવોકેટ શિબાની બી. | સામાન્ય સ્ત્રી |
| ચિરાગભાઇ કનુભાઇ કડીયા | પછાતવર્ગ |
| પટેલ દિપકભાઇ અંબાલાલ | સામાન્ય |
| **વોર્ડ નં. 3** | |
| મીનલબેન ગોસ્વામી | પછાતવર્ગ સ્ત્રી |
| કૃતિ નિશાંત રાવલ | સામાન્ય સ્ત્રી |
| સતિષભાઇ વસાવા | અનુસુચિત આદિજાતિ |
| નિલેશભાઇ પટેલ | સામાન્ય |
| **વોર્ડ નં. 4** | |
| બસેરા માયાબેન ભોલેનાથ | પછાતવર્ગ સ્ત્રી |
| પરમાર રંજનબેન ડાહ્યાભાઇ | સામાન્ય સ્ત્રી |
| કપીલ કિશોર જોષી | સામાન્ય |
| વિશાલ જીતેન્દ્રભાઇ પટેલ | સામાન્ય |
| **વોર્ડ નં. 5** | |
| રીનાબેન પટેલ | સામાન્ય સ્ત્રી |
| ધર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઇ પરમાર | સામાન્ય સ્ત્રી |
| મેહુલભાઇ કહાર | પછાતવર્ગ |
| કિરણભાઇ ગુણવંતરાય કાપડીયા | સામાન્ય |
| **વોર્ડ નં. 6** | |
| સંજીદા બેગમ નસીરુદ્દીન સૈયદ | સામાન્ય સ્ત્રી |
| સોલંકી પાર્વતીબેન પ્રભુભાઇ | સામાન્ય સ્ત્રી |
| હરીશભાઇ ઓડ | પછાતવર્ગ |
| મેહુલભાઇ દિનેશચંદ્ર પંડ્યા | સામાન્ય |
| **વોર્ડ નં. 7** | |
| રાણા જાગૃતિબેન દિક્ષીતભાઇ | પછાતવર્ગ સ્ત્રી |
| લલીતાબેન અનિલભાઇ શાહ | સામાન્ય સ્ત્રી |
| રાજેશભાઇ પટણી | સામાન્ય |
| નિર્મળ ઠક્કર | સામાન્ય |
| **વોર્ડ નં. 8** | |
| સોનલબેન વિપુલભાઇ બારોટ | પછાતવર્ગ સ્ત્રી |
| કેસરબેન રાજપુત | સામાન્ય સ્ત્રી |
| અમરલાલ નટવરભાઇ વાઘેલા | અનુસુચિત જાતિ |
| સ્વેજલ વ્યાસ | સામાન્ય |
| **વોર્ડ નં. 9** | |
| દિશા શંભુભાઇ પારેખ | પછાતવર્ગ સ્ત્રી |
| મીનાબેન વસાવા | સામાન્ય સ્ત્રી |
| અલ્પેશભાઇ પારેખ | પછાતવર્ગ |
| ધૈર્યસિંહ જગતાપ | સામાન્ય |
| **વોર્ડ નં. 10** | |
| હાર્દિકભાઇ રમેશચંદ્ર આમોડીયા | પછાતવર્ગ |
| દક્ષય મહેશભાઇ પટેલ (દર્પણ) | સામાન્ય |
| બીનાબેન પ્રતાપસિંહ ચાવડા | સામાન્ય સ્ત્રી |
| **વોર્ડ નં. 11** | |
| અનુરાધા સતીષભાઇ શર્મા | સામાન્ય સ્ત્રી |
| કનુભાઇ પ્રજાપતિ | પછાતવર્ગ |
| તરૂણભાઇ ભીખુભાઇ ઠક્કર | સામાન્ય |
| **વોર્ડ નં. 12** | |
| નીતાબેન કિરણકુમાર તડવી | અનુસુચિત આદિજાતિ |
| ભાવિકા પ્રદિપભાઇ ચંડોલીયા | સામાન્ય સ્ત્રી |
| સચિન ઈન્દ્રવદન માયાવંશી | પછાતવર્ગ |
| રાકેશભાઇ જોગદાસ ઠાકોર | સામાન્ય |
| **વોર્ડ નં. 13** | |
| પ્રિયંકા જયેશભાઇ મકવાણા | અનુસુચિત જાતિ |
| વૈશાલી સત્યપ્રેમ પટેલ | સામાન્ય સ્ત્રી |
| વરૂણ હરીશભાઇ માળી | પછાતવર્ગ |
| બાલાસાહેબ સુર્વે | સામાન્ય |
| **વોર્ડ નં. 14** | |
| હેમાંગીની દિર્ગાયુ કોલેકર | પછાતવર્ગ સ્ત્રી |
| દિપાબેન અતુલભાઇ શ્રીવાસ્તવ | સામાન્ય સ્ત્રી |
| બ્રહ્મભટ્ટ તિર્થ જતીનભાઇ | પછાતવર્ગ |
| મોહમદજાવિદ કાસીમ ધૂપેલવાલા | સામાન્ય |
| **વોર્ડ નં. 15** | |
| નિલમબેન ધનંજયકુમાર નિગમ | સામાન્ય સ્ત્રી |
| પારૂલ ધર્મેશભાઇ પટેલ | સામાન્ય સ્ત્રી |
| રાજેન્દ્ર પ્રતાપસિંહ બારોટ | પછાતવર્ગ |
| આશીષ જોષી | સામાન્ય |
| **વોર્ડ નં. 16** | |
| અલ્કાબેન શૈલેષભાઇ પટેલ | સામાન્ય સ્ત્રી |
| ચાંદનીબેન પંકજ સોનવણે | સામાન્ય સ્ત્રી |
| ગોપાલ રવજીભાઇ રબારી | પછાતવર્ગ |
| ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ | સામાન્ય |
| **વોર્ડ નં. 17** | |
| ગાયત્રીબેન પરમાર | અનુસુચિત જાતિ |
| વૈશાલી વરણે | સામાન્ય સ્ત્રી |
| ફાલ્ગુન સોરઠીયા | પછાતવર્ગ |
| પાર્થ રોહિતભાઇ પટેલ | સામાન્ય |
| **વોર્ડ નં. 18** | |
| પંચાલ કિન્નરીબેન મયુરભાઇ | પછાતવર્ગ સ્ત્રી |
| ભાવિકા જયમિનભાઇ પટેલ | સામાન્ય સ્ત્રી |
| મહેશભાઇ ડાહ્યાભાઇ સોલંકી | અનુસુચિત જાતિ |
| ચંદ્રશેખર રામારાવ પાટીલ | સામાન્ય |
| **વોર્ડ નં. 19** | |
| લુહાર મેઘના રામચંદ્ર | પછાતવર્ગ સ્ત્રી |
| લક્ષ્મીબેન સુરેન્દ્રસિંહ રાજ | સામાન્ય સ્ત્રી |
| જયસ્વાલ નરેન્દ્રભાઇ મનુભાઇ | સામાન્ય |
| મનોજ ગોપાલકૃષ્ણન આચાર્ય | સામાન્ય |